ગાંધીનગર સમાચાર

**જિલ્લામાં ચૂંટણીનો ગરમાવો ચરમસીમાએ**

# આજે ગાંધીનગર આવતા પ્રધાનમંત્રી મોદી



ગાંધીનગર, તા. ૯

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે ગાંધીનગરની ટુંકી મુલાકાતે આવી રહ્યા હોઈ તંત્ર દ્વારા તેની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

શ્રી મોદી ડીસાનો સમારોહ પતાવી સીધા ગાંધીનગર સચિવાલય સ્થિત હેલિપેડ ખાતે આવી પહોંચશે. અહિથી સીધા જ મોટર માર્ગે તેઓ કોબા સ્થિત ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે જવા રવાના થશે.

જ્યાં તેઓ સરકારના મંત્રીઓ, સંગઠ્ઠનના હોદ્દેદારો તેમજ ધારાસભ્યો સાથે અને કેટલાક આગેવાનો સાથે બેઠક કરશે. તેઓ તેમના આ ટુંકા રોકાણ દરમ્યાન નોટબંધી પછીની અસરો અને

## કોબા કમલમ્ ખાતે બે કલાક રોકાશે

પરિસ્થિતિની સમીક્ષા કરશે તેમ મનાઈ રહ્યું છે.

વડાપ્રધાન મોદી બપોરે ૧.૩૦ કલાકે ડીસાથી ગાંધીનગર આવી પહોંચશે. આ પછી તેઓ ૨ થી ૪ કમલમ્ ખાતે રોકાશે અને કમલમ્‌ની બેઠક બાદ તેઓ મુંબઈ જવા અમદાવાદ વિમાની મથકે જશે.

વડાપ્રધાનશ્રીના આ કાર્યક્રમને પગલે સિવિલ હોસ્પિટલમાં એક ઈમરજન્સી રૂમ તમામ સુવિધાઓ સાથેનો અલાયદો તૈયાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત નિષ્ણાત તબીબોની બે ટીમ બનાવવામાં આવી છે જેમાંની એક ટીમ તેમની સાથે પ્રવાસમાં રહેશે જ્યારે બીજી ટીમ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે હાજર રહેશે.

કોબાના ભાજપના કાર્યાલય ખાતે પણ ખાસ શમિયાણો, સફાઈ, તેમજ અન્ય તૈયારીઓ પણ પૂરજોશમાં કરવામાં આવી રહી છે. આ માટે જુદા જુદા હોદ્દેદારોને વિશેષ જવાબદારી સાથેની કામગીરી પણ સુપ્રત કરી દેવામાં આવી છે.

ગાંધીનગર હેલિપેડ અને કમલમ્ તેમજ કમલમ્‌થી એરપોર્ટ સુધીના માર્ગનું આજે એસ.પી.જી.ની ટીમે મુલાકાત લઈ અને સમીક્ષા પણ કરી લીધી છે તેમજ કેટલાક મહત્વના પગલાંઓ પણ સુરક્ષાને લઈ સૂચવ્યા હોવાનું જણાવાયેલ છે.

# શહેરમાં જડબેસલાક બંદોબસ્ત

ગાંધીનગર, તા. ૯

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતમાં ડીસા ખાતે બનાસ ડેરીમાં પ્લાન્ટના ઉદ્‌ઘાટનમાં આવનાર છે. ડીસાથી હેલીકોપ્ટરમાં ગાંધીનગર આવ્યા બાદ સચિવાલય હેલીપેડથી બાય રોડ કોબા ખાતે ભાજપ કાર્યાલય કમલમ્‌માં નરેન્દ્ર મોદી જશે. વડાપ્રધાનની સલામતી માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. એસપીજી દ્વારા આજે પોલીસ સાથે રીહર્સલ પણ કરવામાં આવ્યું હતું.

## ડીસા ઉદ્‌ઘાટન કાર્યક્રમમાંથી પરત ગાંધીનગર આવ્યા બાદ નરેન્દ્ર મોદી કોબા ખાતે કમલમ્‌માં જશે

ડીસા ખાતે બનાસડેરીમાં પ્લાન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપવાના છે. નરેન્દ્ર મોદી સવારે ૯ વાગે અમદાવાદ એરપોર્ટ આવશે અને ત્યાંથી હેલીકોપ્ટર મારફતે ડીસા જશે. ડીસાથી કાર્યક્રમ સમાપ્ત થયા બાદ હેલીકોપ્ટરમાં બપોરે દોઢ વાગ્યે ગાંધીનગર આવશે અને સચિવાલય પાછળના હેલીપેડ ખાતે ઉતર્યા બાદ બાય રોડ કોબા ભાજપ કાર્યાલય કમલમ્ ખાતે પહોંચશે. પક્ષના નેતા-આગેવાનો અને કાર્યકરો સાથે મીટીંગ કર્યા બાદ બપોરે સાડા ત્રણ વાગ્યે વડાપ્રધાન કોબાથી એરપોર્ટ જવા રવાના થશે. વડાપ્રધાનની ગુજરાત યાત્રાને પગલે પોલીસે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. ગાંધીનગર ખાતે બંદોબસ્તનું રીહર્સલ પણ કરવામાં આવ્યુ હતુ. કમલમ્ ખાતે વડાપ્રધાનની મુલાકાતને પગલે ગાંધીનગરમાં ગોઠવાયેલા બંદોબસ્તમાં ૩ ડીએસપી, ૭ ડીવાયએસપી, ૨૦ પીઆઈ, ૪૦ પીએસઆઈ, ૬૦૦ પોલીસ, ૭૦ ટ્રાફીક પોલીસ, ૪૦ મહિલા પોલીસ, એક કંપની એસઆરપી, ક્વીક રીસ્પોન્સ ટીમ અને એલસીબી, એસઓજી તૈનાત રહેશે.

# શહેરમાં ઠંડીનો ચમકારો

## લઘુત્તમ તાપમાન ૧૧ ડિ.સે. સુધી ગગડતા શહેરીજનોએ તીવ્ર ઠંડી અનુભવી




ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં ઠંડી વધી રહી છે. આજે લઘુત્તમ તાપમાન ૧૧ ડિ.સે. સુધી પહોંચતા જનજીવન પર તેની ઘેરી અસર જોવા મળી રહી છે.

ડિસેમ્બર માસના પ્રારંભે જ ગાંધીનગરમાં ઠંડી વધી રહી છે. લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યુ છે. ગયા અઠવાડિયે લઘુત્તમ તાપમાન ૧૪-૧૫ ડિગ્રી સુધી પહોંચતા ઠંડીમાં રાહત મળી હતી, પરંતુ હવે ઠંડી વધી છે. સાંજ પડતાં જ જાણે શહેરમાં ઠંડીનું આક્રમણ થઈ જાય છે. વસાહતીઓ ઘરના બારીબારણા બંધ કરીને ઘરમાં પુરાઈ જાય છે. ગઈકાલે તો સૂર્યાસ્ત થતાં જ વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. ઠંડો પવન ફુંકાતા ઠંડીની અસર વધુ જોવા મળતી હતી. માથે રૂમાલ બાંધવો પડે અથવા ટોપી પહેરવી જ પડે તેવો ઠંડો પવન ફુંકાતા હતા. કચેરીઓમાંથી છુટીને ઘરે જતાં વસાહતીઓ ગરમ વસ્ત્રો વિના ઠુંઠવાયા હતા. બજારોમાં પણ થોડી ઘણી ભીડ જોવા મળી હતી. તેઓ પણ ગરમ વસ્ત્રોમાં સજ્જ થયેલા નજરે ચઢતા હતા. ઠંડી વધતા ગરમ વસ્ત્રો, ટોપી, મોજા અને ઘરમાં પહેરવાના ચંપલોની માંગ વધી છે. વહેલી સવારે શાળાએ જતાં વિદ્યાર્થીઓ પણ ગરમ વસ્ત્રોમાં સજ્જ જોવા મળી રહ્યા છે. ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ઠંડી અને ધુમ્મસનું પ્રમાણ વધેલુ જોવા મળી રહ્યું છે.

# જિલ્લામાં ચૂંટણીનો ગરમાવો ચરમસીમાએ

## આજે વધુ ૧૩૮૮ ઉમેદવારી પત્રો ભરાતા અત્યાર સુધી ૨૭૪૦ ઉમેદવારો મેદાનમાં : આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૨૭૪૦ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતાં રાજકીય ગરમાવો તેની ચરમસીમા પર પહોંચ્યો છે.

આજે જિલ્લામાં ૧૩૮૮ ઉમેદવારીપત્રો ચારેય તાલુકામાં ભરાયા હતા. આજે પણ સૌથી વધુ ઉમેદવારી પત્રો ગાંધીનગરમાં ૬૭૫ ભરાયા છે. જેમાં સરપંચ પદ માટે ૧૨૧ અને વોર્ડના સભ્યપદ માટે ૫૫૪ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

દહેગામમાં સરપંચ પદ માટે ૧૩૮ અને વોર્ડના સભ્યપદ માટે ૩૫૭ ઉમેદવારીપત્ર સાથે ૪૯૫ ઉમેદવારી પત્રો ભરાયા છે. માણસામાં સરપંચ પદ માટે ૩૬ અને સભ્યપદ માટે ૮૬ મળી કુલ ૧૨૨ ઉમેદવારીપત્રો ભરાયા છે. જ્યારે કલોલમાં ૨૪ સરપંચપદ માટે અને ૭૨ સભ્યપદ માટે મળી કુલ ૯૬ ઉમેદવારીપત્રો ભરાયા છે.

આ ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાનો શનિવાર અંતિમ દિવસ છે. ગઈકાલ કરતાં આજે ૪૦૦ જેટલા વધુ ફોર્મ ભરાયા છે. આજનો પ્રવાહ ઉમેદવારીપત્ર ભરવાનો જે હતો તે, શનિવારે આ સંખ્યા સાડાત્રણ હજારને પાર કરી જશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીનો માહોલ જે રીતે જામ્યો છે તે જોતાં આ વેળાની ચૂંટણી વધુ રસાકસી અને ઉત્તેજનાસભર બની રહેશે. રાજકીય પક્ષો આમાં સીધી રીતે સંકળાયેલા નથી પરંતુ પરોક્ષ રીતે પાછલા બારણે તે સમર્થન કરી રહ્યા છે.

જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસે જીતી શકાય તેવા ઉમેદવારોનું સમર્થન કરવાની વ્યુરચના અપનાવી છે. આ ચૂંટણીમાં ૫૦ ટકા મહિલા અનામતના નિયમનો અમલ થતો હોવાથી મહિલાઓ પણ જાગૃત બની અને જે રીતે બહાર આવી રહી છે તેથી આ જંગ રોચક બનશે તેમ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

## ૧૨મીએ રજા જાહેર થતાં હવે ૧૩મીએ ઉમેદવારીપત્રોની ચકાસણી

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકારે ઈદે મિલાદની જાહેર રજામાં કરેલા ફેરફારોને પગલે રાજ્ય ચૂંટણી પંચે પંચાયતોની ચૂંટણીના જાહેર કરેલ કાર્યક્રમમાં પણ ફેરફાર કર્યો છે.

રાજ્ય ચૂંટણી પંચના સચિવ મહેશ જોશીએ આજે એક જાહેરનામુ પ્રસિદ્ધ કરી જણાવ્યું છે કે પંચાયત અધિનિયમની જોગવાઈઓને આધીન હવે ઉમેદવારી પત્રોની ચકાસણી ૧૨મીને બદલે ૧૩મીએ હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકારે રજાના કરેલા ફેરફારને પગલે આ નિર્ણય લેવામાં આવેલ છે.

બીજી તરફ વહીવટીતંત્રને પણ ધારણા કરતાં વધુ ઉમેદવારી પત્રો ભરાઈ રહ્યા હોવાથી ચકાસણી માટે પુરતો સમય મળી રહેશે તેમ માની રહેલ છે.

# કોબા સર્કલ પર હાઈમાસ્ક લાઈટ દિવસ-રાત ચાલુ

## એલ ઈ ડી લાઈટના વિજબચતના કનસેપ્ટ વચ્ચે વીજળીનો વ્યય થતા સ્થાનિક નાગરિકોમાં રોષ

ગાંધીનગર તા ૯

શહેરના માર્ગો પર સર્કલ વિસ્તારમાં પર્યાપ્ત અજવાળુ પથરાય તે માટે હાઈમાસ્ક ટાવર લગાવાયા છે. આ લાઈટીંગ ટાવરના લીધે સર્કલ વિસ્તારની રોનક પણ નિખરી છે. પરંતુ આ હાઈમાસ્ક ટાવરના લીધે વિજબીલની રકમમાં પણ નોંધપાત્ર વધારો થતો હોવાનુ ધ્યાને આવતા એક તબક્કે બિનજરૂરી જણાંતા આ ટાવરો બંધ કરી દેવાનો પણ નિર્ણય લેવાયો હતો. પરંતુ તંત્રની બેદરકારીના લીધે વિજળીનો વ્યય થતો હોવાના પણ અનેક કીસ્સાઓ સમયાંતરે ધ્યાને આવે છે. કોબા સર્કલમાં છેલ્લા એક સપ્તાહથી લાઈટીંગ ટાવર રાતદિવસ ચાલુ રહેતા સ્થાનિક નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો છે.

શહેરના મુખ્ય તેમજ આંતરિક માર્ગો પર અજવાળુ પાથરવા માટે અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના પોલ્સ લગાવાયા છે. જયારે આ વિજ થાંભલાઓની જાળવણી તેમજ વિજબીલ પાછળ સરકાર દ્વારા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે વિજબીલની બચતના અભિગમ સાથે તંત્ર દ્વારા સમગ્ર શહેરમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પાથરવા માટે નિર્ણય લેવયો છે. ટુંકમાં જ એલ ઈ ડી લાઈટનુ કામ શરૂ કરી દેવાશે. જેનાથી વિજબીલમાં પણ બચત થશે. એકબાજુ એલ ઈ ડી લાઈટની યોજના પર કામ આગળ વધારવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. પરંતુ વિજબીલનુ ભારણ ઘટાડવા પ્રયત્નશીલ તંત્ર વિજળીના વ્યય મામલે તદન જાગૃત ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરમાં ઘણાં ઠેકાણે હાઈ માસ્ક ટાવર લગાવાયા છે. પરંતુ ઘણીવાર આ લાઈટીંગ ટાવર દિવસ અને રાત ચાલુ રહેતા વિજળીનો બગાડ થતો હોવાનો આક્રોશ આમ નાગરિકોમાં પ્રબળ બન્યો છે. કોબા સર્કલમાં સ્થિત હાઈ માસ્ક છેલ્લા એક સપ્તાહથી ચાલુ છે.દિવસ અને રાત ચાલુ રહેતા આ લાઈટીંગ ટાવરને નિહાળી સ્થાનિક નાગરિકો તેમજ રાહદારીઓનુ મોં પણ વંકાય છે. જયારે આ ટાવર દિવસે ચાલુ અને રાત્રિના સમયે ઘણીવાર બંધ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

# પિતાનો મૃતદેહ હોસ્પિટલમાંથી લઈ જવા દિકરાને કલાકો સુધી સમજાવવો પડ્યો..!

## દિકરો અને દિકરી ગાંધીનગરમાં હોવા છતાં પિતાનો બિનવારસી મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં મુક્યો : માતા સાથે ઝઘડીને ૧૦ વર્ષ પહેલા પિતા ઘર છોડીને જતા રહ્યા હતા તેનું દુઃખ સંતાનોને કોરી ખાતુ હતુ..! : આખરે દિકરાએ મૃતદેહ સ્વીકાર્યો

ગાંધીનગર, તા. ૯

રાજયના પાટનગરમાં બનેલો એક અજીબોગરીબ કિસ્સો આજે ધ્યાને આવ્યો હતો. ૫૦ વર્ષિય બિમાર પિતાનું હોસ્પિટલમાં મૃત્યુ થયું પરંતુ દિકરો પિતાના મૃત્યુના સમાચાર સાંભળ્યા બાદ પણ મૃતદેહ લેવા ગયો નહી..! કલાકો સુધી દિકરાને સમજાવ્યા બાદ સાંજે પિતાનો મૃતદેહ લઈ ગયો હતો. મળતી માહિતી મુજબ માતા સાથે ઝઘડો કરીને ૧૦ વર્ષ પહેલા પિતા ઘર છોડીને ચાલ્યા ગયા હતા ત્યારથી રિસાયેલા દિકરા-દિકરીએ સંબંધ કાપી નાખ્યા હતા. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગઈ સાંજે ૫૦ વર્ષીય કાકા રીલાયન્સ ચોકડી કુડાસણ નજીક ચક્કર ખાઈને પડી ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે કાકાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. ઈન્ફોસિટી પોલીસે જ્યારે કાકા ભાનમાં આવ્યા ત્યારે નિવેદન લીધુ તો લખાવ્યુ હતુ કે મારી દિકરીના ઘરે કુડાસણ જઈ રહ્યો હતો. દિકરો પણ કુડાસણ નજીક એક ફ્લેટમાં રહે છે. નામ-સરનામા લખાવ્યા..! પોલીસે તેમના દિકરાનો સંપર્ક કરીને પિતા હોસ્પિટલમાં હોવાના સમાચાર આપ્યા તો દિકરાએ સ્પષ્ટ જવાબ આપી દીધો હતો કે "તમારે જેમ કરવુ હોય તેમ કરો, મારે તેમની સાથે કોઈ લેવા દેવા નથી..!" પોલીસ પણ આ જવાબથી સ્તબ્ધ થઈ ગઈ હતી. આજે બીજે દિવસે સવારે જ આ કાકાનું હોસ્પિટલમાં મૃત્યુ થઈ ગયુ અને પોલીસ મૃત્યુના સમાચાર લઈને દિકરાના ઘરે પહોંચી તો પણ ઉપરોક્ત જવાબ જ મળ્યો હતો. પિતાથી દિકરો ખુબ નારાજ હતો તે જણાઈ આવતુ હતુ પરંતુ કારણ સમજાતુ ન હતુ. દિકરા અને દિકરી ગાંધીનગરમાં હોવા છતાં પિતાનો મૃતદેહ બિનવારસી રાખીને કોલ્ડ સ્ટોરેજમાં મુકવામાં આવ્યો. પિતાનો મૃતદેહ સ્વિકારવા દિકરાને સમજાવવા પોલીસ અને વડીલો પહોંચ્યો..! કલાકો સુધી સમજાવ્યા બાદ દિકરાએ સાંજે પિતાનો મૃતદેહ સ્વીકારી અંતિમ વિધિ કરવા ગતિવિધિ કરી હતી. પોલીસ અને વડીલો સમજાવવા ગયા ત્યારે દિકરાની નારાજગીનું કારણ જાણવા મળ્યુ હતુ. ૧૦ વર્ષ પહેલા માતા સાથે ઝઘડો કરીને પિતા ઘર છોડીને ચાલ્યા ગયા હતા. ત્યારથી પિતા સાથે સંબંધો તોડી નાંખ્યા હતા.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com